# વડોદરા ધર્મપ્રાંતમાં ધર્મવિભાગની ધર્મપ્રાંતીય પરિષદના નિયમો

## આમુખ

લોકોના સહયોગથી ચાલતી ધર્મસભા એ સહભાગિતા સહિતની ધર્મસભા છે અને મૂળભૂત બે સિધ્ધાંતો પર તેનો આધાર છેઃ સાહચર્યનો સિધ્ધાંત અને જનભાગીદારીનો સિધ્ધાંત. નિર્ણય પ્રક્રિયામાંસાંભળવાની બાબત તથા દરેક સ્તરે દરેક જણ સાથે પરખશક્તિ કેળવવાની આવશ્યકતા હોય છે. ધર્મવિભાગીય સ્તરે આ સિધ્ધાંતની પ્રતીતિ થાય તે સારું દરેક ધર્મવિભાગમાં ધર્મપ્રાંતીય પરિષદની સ્થાપના કરવાની છે.

## આર્ટિકલ-૧

## નામ

૧. આ પરિષદને ધર્મવિભાગની ધર્મપ્રાંતીય પરિષદ તરીકે ઓળખવામાં આવે છે.

## આર્ટિકલ-૨

## બંધારણ અને કામગીરી

૨. ધર્મવિભાગના વડા ધ્વારા સભ્યોનાં નામ રજૂ કરતાં ધર્મવિભાગીય ધર્માધ્યક્ષશ્રીના આદેશથી ધર્મવિભાગની ધર્મપ્રાંતીય પરિષદની અધિકૃત રીતે રચના કરવામાં આવે છે.

૨.૧ ધર્મવિભાગની ધર્મપ્રાંતીય પરિષદ એ ધર્મવિભાગનું એવું માળખું છે જે સહભાગી સંવાદ અને ધર્મપ્રાંતમાંનિર્ણયાત્મકતાનું નોંધપાત્ર સ્વરૂપ છે. ધર્મવિભાગની ધર્મપ્રાંતીય પરિષદઃ

૨.૧.૧ તમામ શ્રધ્ધાળુઓને ઇશ્વરના રાજયની સાક્ષી આપવા અને પ્રસાર કરવા સક્ષમ બનાવવાની બાબતે ચિંતન કરવા.

૨.૧.૨ ધર્મવિભાગીય પ્રેષિતિક યોજના અનુસાર ધર્મવિભાગીય સ્તરે ધર્મપ્રાંતનાં પ્રૈષિતિક કાર્યો સંબંધી બાબતોનો અભ્યાસ કરો.

૨.૧.૩ ધર્મપ્રાંતીય ધર્માધ્યક્ષ ધ્વારા સ્થાપિત ધર્મવિભાગીય પ્રૈષિતિક પરિષદોના કાર્યને સહયોગ આપવો.

૨.૧.૪ પુરોહિત, ધર્મપરાયણ લોકો અને ધર્મજન વચ્ચે સહયોગનું સંવર્ધન કરો.

૨.૧.૫ ધર્મપ્રાંતનાં લક્ષ્યાંકો અને આદેશોના અમલીકરણની વ્યવહારૂ રીતો બનાવો.

૨.૧.૬ ખ્રિસ્તી પારિવારિક જીવનનું સંવર્ધન કરો.

૨.૧.૭ ન્યાય, શાંતિ અને સમાધાનના સંઘર્ષ માટે સંવાદ અને સુમેળને પ્રોત્સાહિત કરવા સાથે અન્ય ખ્રિસ્તીઓ અને બિન-ખ્રિસ્તીઓ સાથે સંબંધ વિકસાવો.

૨.૧.૮ ધર્મવિભાગીય સ્તરે અમલીકરણ માટે સમિતિઓની નિમણૂક કરવી.

## આર્ટિકલ-૩

## સક્ષમતા

૩. ધર્મવિભાગીય પ્રૈષિતિક પરિષદ એ માર્ગદર્શક મંડળની ભૂમિકા ભજવે છે અને નિર્ણય કરનાર એકમ નથી.

## આર્ટિકલ-૪

## સભ્યપદ

૪. ધર્મવિભાગીય પ્રૈષિતિક પરિષદમાં હોદ્દાની રૂએ પાત્રતા ધરાવતા સભ્યો, ચૂંટાયેલા સભ્યો અને નિયુક્ત કરવામાં આવેલા સભ્યોનો સમાવેશ થાય છે. કુલ સભ્યોના ઓછામાં ઓછા અડધા સભ્યો ધર્મજનો હોવા જોઇએ.

૪.૧ હોદ્દાની રૂએ સભ્યપદ ધરાવતા સભ્યો નીચે મુજબ હશેઃ-

**અ. <u>પુરોહિતો</u>**

૧. ડીન

૨. ધર્મવિભાગના તમામ ધર્મપ્રાંતોના પુરોહિતો

**બ. <u>ધર્મપરાયણ વ્યક્તિઓ</u>**

૧. કૉન્ફરન્સ ઑફ રીલીજિયસ ઇન્ડિયાના ધર્મવિભાગીય પ્રમુખ

૨. ધર્મવિભાગના ધર્મબંધુઓ અને ધર્મભગિનીઓના ગૃહના ઉપરીઓ.

**ક. <u>અધિકારીઓ</u>**

૧. ધર્મવિભાગની તમામ કૅથોલિક સંસ્થાઓના વડાઓ

**ડ. <u>ધર્મજનો</u>**

૧. ધર્મવિભાગની તમામ ધર્મસેવા સમિતિઓના સંચાલકો

૨. કમિશનનું પ્રતિનિધિત્વ કરતા ધર્મજનોના જૂથના વડા

૩. કમિશનનું પ્રતિનિધિત્વ કરતા યુવાનોના જૂથના વડા

૪. કમિશનનું પ્રતિનિધિત્વ કરતા પરિવારના જૂથના વડા

૫. કમિશનનું પ્રતિનિધિત્વ કરતા મહિલા જૂથના વડા

૬. કમિશનનું પ્રતિનિધિત્વ કરતા સ્થળાંતરિત લોકોના જૂથના વડા

૭. કમિશનનું પ્રતિનિધિત્વ કરતા સામાજિક કામગીરી સંભાળતા જૂથના વડા

૮. ધર્મસભા ધ્વારા નિર્દિષ્ટ કરવામાં આવેલ ધર્મજનોની ચળવળ અને જૂથોબઉ ધર્મવિભાગીય પ્રમુખ

૪.૨ ચૂંટાયેલા સભ્યો

દરેક ધર્મસેવા સમિતિ ધ્વારા ચૂંટાયેલા ધર્મવિભાગની દરેક ધર્મસેવા સમિતિના બે સભ્યો (એક પુરુષ અને એક સ્ત્રી)

૪.૩ સભ્યપદની લાયકાત

અ. <u>નિયુક્ત કરવામાં આવેલ ધર્મજનો</u>

૧. ત્રણ કરતાં વધુ વર્ષોથી ધર્મપ્રાંતમાં વસવાટ કરતા હોવા જોઇએ.

૨. કૅથોલિક ધર્મસભા (કૅનન ૫૧૨)ના પૂર્ણસંપર્કમાં હોવા જોઇએ.

૩. ૧૮ કરતાં વધુ વર્ષની ઉંમર સહિત બળ સંસ્કાર મેળવેલ હોવા જોઇએ.

બ. <u>ધાર્મિક સંસ્થાઓ અથવા પ્રૈષિતિક જીવન સંઘના ચૂંટાયેલા અને નિયુક્ત કરવામાં આવેલ સભ્યોઃ</u>

૧. છેલ્લાં વ્રત ધારણ કરેલ અને ધર્મપ્રાંતમાં ઓછામાં ઓછું એ વર્ષથી કાર્યરત તેમ જ ધર્મપ્રાંત અથવા ધર્મવિભાગીય સ્તરે સક્રિયપણે કાર્યરત હોવા જોઇએ.

૨. ગુજરાતી ભાષાનું ઓછામાં ઓછુંજરૂર પૂરતું જ્ઞાન હોવું જોઇએ જેથી તે મિટિંગમાં સક્રિયપણે ભાગ લઇ શકે.

૩. સભા પુરોહિત ના હોય તેવા અને કોઇપણ ધર્મવિભાગના કમિશન માટે કાર્યરત હોય નહિ તેવા પુરોહિત.આ પરિષદમાં તેઓનું બેવડું પ્રતિનિધિત્વ હોવું જોઇએ નહિ.

૪.૪ પદભારની અવધિ

૧. ધર્મવિભાગની પાસ્ટરલ કાઉન્સિલની મુદ્દત તેની સ્થાપનાની તારીખથી ત્રાણ વર્ષની રહેશે/ જો કે, નવી કાઉન્સિલની રચના કરવામાં આવે ત્યાં સુધી તેની મુદ્દત આપોઆપ લંબાવવામાં આવે છે.

૨. નિયુકત કરવામાં આવેલ અને ચૂંટાયેલા સભ્યપદની મુદ્દત ત્રાણ વર્ષની રહેશે. વ્યકિત ધર્મવિભાગની પાસ્ટરલ કાઉન્સિલનો સતત માત્ર બે મુદ્દત સુધી સભ્ય રહેશે. એક મુદ્દત (ત્રાણ વર્ષ)ના અંતરાલ બાદ વ્યકિત પુનઃ સભ્ય બનવા પાત્ર થઇ શકે છે.

૩. હોદ્દાની રૂએ સભ્યપદ ધરાવતા વ્યકિતઓ જયાં સુધી કાર્યભાર સંભાળે ત્યાં સુધી કાઉન્સિલમાં કાર્યરત રહી શકે છે.

**૪.૫ સભ્યપદ ગુમાવવું**

વ્યકિત તેની મુદ્દત પૂરી થતાં, રાજીનામું આપતાં, ગંભીર કારણોસર ધર્માધ્યક્ષશ્રી ધ્વારા ફરજમોકુફ કરવામાં આવે ત્યારે અથવા સતત ત્રાણ સભાઓમાં વાજબી કારણ સિવાય ગેરહાજર રહે તો ડીન ધ્વારા મંજૂરી આપ્યા બાદ સભ્યપદ ગુમાવે છે.

૪.૬ જે પ્રક્રિયા થકી સભ્યપદ ખાલી કરનાર વ્યકિત સભ્ય બન્યો હોય તે જ સમાન પ્રક્રિયા અનુસરીને એક મહિનામાં ખાલી પડેલ જગ્યા ભરી દેવી જોઇએ. જે ખાલી સ્થાને અન્ય સભ્યની પસંદગી કરવામાં આવે તે વ્યકિત બાકીની મુદ્દત માટે સભ્યપદ ધારણ કરશે.

## આર્ટિકલ-૫
## હોદ્દેદારો

૫.૧ ડીન હોદ્દાની રૂએ ધર્મવિભાગની પાસ્ટરલ કાઉન્સિલના પ્રમુખ રહેશે.

૫.૨ ગુપ્ત મતદાન થકી ઉપપ્રમુખ, સંયુકત ઉપપ્રમુખ, સચિવ અને સંયુકત સચિવની ચૂંટણી કરવામાં આવશે. તેઓ પુરોહિતો હશે નહિ.

૫.૩ ઉપપ્રમુખ ધર્મવિભાગની પાસ્ટરલ કાઉન્સિલના મધ્યસ્થી હશે. તેઓની ગેરહાજરીમાં વિશેષ ઉપપ્રમુખ સભાનું સંચાલન કરશે.

## આર્ટિકલ-૬
## સભ્યાની ફરજો

૬.૧ <u>પ્રમુખ</u>: ધર્મવિભાગની ધર્મસેવા સમિતિના પ્રમુખનો સચિવ ધ્વારા કાઉન્સિલની સભા બોલાવવાનો તેમ જ તેઓના પ્રમુખપદે સભા ચલાવવાનો વિશેષાધિકાર છે. કાઉન્સિલમાં જે બાબતોની ચર્ચા કરવામાં આવી હોય તે બાબતો જાહેર કરવાનો માત્ર તેઓને જ અધિકાર છે.

૬.૨ <u>ઉપપ્રમુખ</u>: ધર્મવિભાગની ધર્મસેવા સમિતિના સંચાલક ઉપપ્રમુખ છે. તેઓની ગેરહાજરીમાં, સંયુકત ઉપપ્રમુખ સત્રોનું સંચાલન હાથ ધરશે.

૬.૩ <u>સચિવ</u>: સચિવ પ્રમુખના માર્ગદર્શન હેઠળ અને નિયમોનું પાલન કરીને સભાઓ બોલાવે છે. સચિવની જવાબદારીઓમાં તમામ પત્ર વ્યવહારોના દસ્તાવેજો રાખવા, તમામ દસ્તાવેજી પુરાવાઓ સાચવવા, સભાઓના અહેવાલો તૈયાર કરવા તથા પ્રમુખ ધ્વારા સોંપવામાં આવતી કોઇપણ કામગીરી કરવાનો સમાવેશ થાય છે.

૬.૪ <u>સામાન્ય સભ્યો</u>: કાઉન્સિલની તમામ સભાઓમાં હાજરી આપવા સાથે ચર્ચાઓમાં સક્રિયપણે સહભાગી બનવા તેમ જ કાઉન્સિલને ચર્ચા માટેની બાબતોમાં સહાય કરવા અને આ બાબતો માટેની સમજ કેળવીને ડીનને તેઓની કામગીરી પૂરી કરવા સહાય કરવાની તમામ સભ્યોની ફરજ છે.

## આર્ટિકલ-૭
## સભાઓ

૭.૧ ધર્મવિભાગની ધર્મસેવા સમિતિની સભા વર્ષમાં ઓછામાં ઓછું એકવાર બોલાવવી જોઇએ.

૭.૨ પ્રમુખને જરૂર જણાય અથવા પાસ્ટરલ કાઉન્સિલના કુલ સભ્યો પૈકીના એક તૃતીયાંશ સભ્યોની માગણી હોય તો તો અસાધારણ સભા બોલાવી શકાય.

૭.૩ સચિવે સભાઓમાં વિચારણા માટે મુદ્દાઓ મગાવવા જોઇએ તેમ જ પ્રમુખ અને સંચાલનની સાથે મસલત કરીને મુસદ્દો તૈયાર કરવો જોઇએ. સભાની તારીખના ઓછામાં ઓછા બે અઠવાડિયા અગાઉ મુસદ્દો સભ્યોને મોકલવો જોઇએ.

૭.૪ સભા અધિકૃત રીતે ચલાવવા માટે જરૂરી હાજરી કુલ સભ્યપદના અડધા કરતાં વધુ હોવી જોઇએ. સભા માટેની લઘુત્તમ સભ્ય સંખ્યા હાજર ના હોય તો સભા ૧૫ મિનિટ માટે મોકુફ રાખી શકાય અને ત્યારબાદ, કુલ સભ્યોના એક તૃતીયાંશ સભ્યોની હાજરીને લઘુત્તમ સભ્ય સંખ્યાની હાજરી ગણીને સભા ફરીવાર બોલાવી શકાય.

૭.૫ કાઉન્સિલમાં હાથ ધરવામાં આવેલ વિચારણાઓને તેમ જ કાઉન્સિલમાં રજૂ કરવામાં આવેલ ભલામણોને બહાલી આપવાનો તથા જાહેર કરવાનો ડીનને વિશેષાધિકાર છે.

## આર્ટિકલ-૮
## કાઉન્સિલની મુદ્દતમાં વધારો

૮.૧ ધર્મવિભાગની પાસ્ટરલ કાઉન્સિલનો તેની મુદ્દત પૂરી થતાં અંત આવે છે અને નવી પાસ્ટરલ કાઉન્સિલની રચના કરવામાં આવે છે. ગંભીર કારણોસર ધર્માધ્યક્ષશ્રી કાઉન્સિલને વિખેરી શકે છે અને નવી પાસ્ટરલ કાઉન્સિલ બનાવી શકે છે.

## આર્ટિકલ-૯
## સુધારાઓ

૯.૧ જયારે અને જયાં જરૂરી જણાય તો ધર્મવિભાગના ધર્માધ્યક્ષશ્રી ધ્વારા હયાત પાસ્ટરલ કાઉન્સિલ સાથે સલાહ મસલત કર્યા બાદ આ કાયદાઓમાં કોઇપણ સુધારો કરી શકાય છે.

૯.૨ આ કાયદાઓમાં તેઓની જાહેરાતની તારીખથી પાંચ વર્ષમાં સુધારો કરી શકાશે નહિ.

## મંજૂરી અર્થે ધર્માધ્યક્ષશ્રીનો નિર્ણય અને જાહેરાત

સ્થાનિક ધર્મસભાની રચના કરવાના ધર્માધ્યક્ષશ્રીના ધ્યેયમાં સહયોગ આપવા ધર્મવિભાગમાં બનાવવામાં આવેલ પાસ્ટરલ કાઉન્સિલની ક્ષમતા અને કામગીરીઓ બાબતે પર્યાપ્તપણે નિર્ણય કરવાના આશયથી, કૅનન લૉની ધર્મસંહિતાની જોગવાઇ ૫૧૩/૧ મુજબ પુરોહિતોની પરિષદ અને સલાહકારોનાં સૂચનો સાંભળીને હું વડોદરા ધર્મપ્રાંતની ધર્મવિભાગીય પાસ્ટરલ કાઉન્સિલના ઉપરોકત નિયમોને મંજૂરી આપતાં તેઓને જાહેર કરું છું. આ નિયમો તેની જાહેરાત સાથે અમલમાં આવે છે તથા વિરોધાભાસમાં હોય તેવી કોઇપણ ભાવિ જોગવાઇને રદ્દબાતલ ઠરાવતાં વડોદરાના ધર્માધ્યક્ષશ્રી ધ્વારા રદ્દબાતલ કરવામાં આવે નહિ ત્યાં સુધી અમલમાં રહેશે.

પ્રભુના ૨૦૨૪મા વર્ષમાં ધર્મપ્રાંતના મથકે, ધર્માધ્યક્ષશ્રીના નિવાસસ્થાને ......મહિનાના ......દિવસે, .....તારીખે રજૂ કરવામાં આવ્યું.

ધર્માધ્યક્ષ સેબાસ્તિઓ મસ્કારિનહાસ, સોસાયટી ઑફ ધ મિશનેરીઝ ઑફ સેંત ફ્રાન્સિસ ઝેવિયર
ધર્માધ્યક્ષ, વડોદરા